# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

" સ્વચ્છ ભારત અભિયાન "

તા.૧૮/૯/૨૦૧૫-શુક્રવાર

## પરિપત્ર

ભારત સરકાર દ્વારા અપાયેલ " સ્વચ્છ ભારત અભિયાન " ને ગાંધી જયતિ તા.૨/૧૦/૨૦૧૫ ના રોજ એક વર્ષ પૂર્ણ થનાર છે. આ અભિયાન અંતર્ગત " સ્વચ્છતા ઝુંબેશ " નો કાર્યક્રમ નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લઇ કાર્યવાહી કરવા આથી તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

**તારીખઃ ૧૮/૯/૨૦૧૫ ( શુક્રવાર) - સમયઃ સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે**

(૧) જે તે કચેરીના વડાએ પોતાના વિભાગની સફાઇ માટે આગેવાની લેવાની રહેશે.

(૨) દરેક અધિકારીઓ/કર્મચારીઓએ આ ઝુંબેશમાં ભાગ લેવાનો રહેશે.
( વર્ગ-૧ થી વર્ગ-૪ ના કર્મચારીઓ,અનુસ્નાતક વિર્ધાથીઓ અને રોજમદાર કર્મચારી સહિત)

(૩) દરેક કર્મચારીએ પોતાના સમગ્ર વિભાગમાં (દરેક રૂમ, લોબી, લેબોરેટરી, ટોઇલેટ બ્લોક, કલાસરૂમ વિગેરે) સફાઇ ઝુંબેશમાં બે કલાક સુધી જોડાયેલા રહેવાનું રહેશે

(૪) દરેક ઓફીસ, રૂમ કે લેબોરેટરીમાં સફાઇ ઉપરાંત સાધનો, ફાઇલો અને અન્ય સામગ્રીની ગોઠવણી તેમજ કબાટની અંદર પણ સફાઇ કરવાની રહેશે.

(૫) એકત્રિત કચરાના નિકાલની વ્યવસ્થા જે તે વિભાગીય વડાએ કરવાની રહેશે.

(૬) સફાઇ ઝુંબેશ માટેના જરૂરી સામાનની વ્યવસ્થા જે તે વિભાગીય વડાએ અગાઉથી કરી લેવી.

(૭) સફાઇ કાર્ય પહેલા તથા પછીના ફોટોગ્રાફ મોબાઇલ/કેમેરા દ્વારા લઇને પેનડ્રાઇવમાં લઇ અત્રે જમા કરાવવાના રહેશે તેમજ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ કાર્યવાહીના રીપોર્ટ પણ મોકલી આપવાનો રહેશે.

સદરહું પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે જેનો અમલ કરી " સ્વચ્છ ભારત અભિયાન " ને સફળ બનાવવા વિનંતી છે.

કુલસચિવ

નં. આકૃયુ/રજિ/સંકલન/ ૧૦૪૯૬ /૨૦૧૫

તા.૧૬/૦૯/૨૦૧૫

<u>નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ.</u>

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.

૨. યુનિવર્સિટીની તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ સારુ.

<u>નકલ રવાનાઃ</u>

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવ/કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ.

૨. નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ, આ.કૃ.યુ. આણંદ

૩. આ કચેરીની તમામ શાખાઓ તરફ.